# 49

**રાજ્યમાં મજૂર મહાજન સંઘ દ્વારા વહીવટી ફાળા પેટે ઉઘરાવવામાં આવતી રકમ બાબત**

*15/8/1140 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા)**: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મજૂર મહાજન સંઘ દ્વારા બંધ મિલના કામદારો પાસેથી વહીવટી ફાળા પેટે ૫% રકમ ઉઘરાવવામાં આવે છે તે હકિકત સાચી છે કે કેમ? | (૧) | હા, બંધ મિલોના નાણાંની લહેણી રકમ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ વહેંચાય છે અને કલઈમ ફોર્મ ભરાય ત્યારે મજૂર મહાજન સંઘ દ્વારા સ્વૈચ્છિક ફાળા તરીકે લેવામાં આવે છે. |
| (૨) | જો હા, તો ઉક્ત રકમ ક્યા નિયમ હેઠળ ઉઘરાવવામાં આવે છે, | (૨) | મજૂર મહાજન સંઘની તા.૧૦/૦૪/૨૦૧૯ના રોજ મળેલ બંધ મિલ કમીટીની મિટિંગમાં કરેલ ઠરાવ મુજબ ઉઘરાવવામાં આવે છે. |
| (૩) | જો ના, તો આવી રકમ ઉઘરાવવા અંગેની કેટલી ફરિયાદો છેલ્લા એક વર્ષમાં સરકારને મળી, અને | (૩) | કુલ ૬ |
| (૪) | ઉક્ત મળેલ ફરીયાદો અન્વયે મજૂર મહાજન સંઘના હોદ્ધાદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૪) | વહીવટી ફાળા ઉઘરાવવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સુઓ મોટો કંપની એપ્લીકેશન નં.૬૧૪/૨૦૦૬ માં તા.૩૦/૦૯/૨૦૦૮ના રોજ આપેલ ઓરલ હુકમના પારા નં.૧૯માં કરેલ નિર્દેશ મુજબ આ ફાળાની રકમ સ્વૈચ્છિક હોઈ અને બંધ મિલોના કામદારોના બાકી નાણાં મેળવવા બાબતે કરવાની થતી કાર્યવાહીના ખર્ચને પહોંચી વળવા બાબતેની હોય, આ નાણાં ઉઘરાવવા બાબતે કોઈ તકરાર હોઈ તો ઓફિસિયલ લિક્વીડેટર અથવા નામદાર ગુજરાત હાઈકોર્ટનું ધ્યાન દોરી શકાય છે. આ સંજોગોમાં ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે નાયબ શ્રમ આયુક્તશ્રી, અમદાવાદ દ્વારા મજૂર મહાજન સંઘ પાસેથી પ્રત્યુત્તર મેળવવામાં આવેલ છે. |

------------------